# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૨૦૨ • તા.૨૩ થી ૨૯ એપ્રિલ ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





# જામનગર લાલપુર ખાતે

# શ્રી ભલારાદાદા રીંગ રોડનું લોકાર્પણ


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# ક્ષમા વીરસ્ય ભૂષણમ

સંસારને અનુભવીઓ એ અસાર કહ્યું છે. જેમાંથી કોઈ સાર ન મળે, કોઈ સુખ કે સાથ ન મળે એવા આ સંસારમાં જીવતા, વ્યવહાર સંભાળતા કે સાથે સાથે રહેતા ક્યારેક મન દુઃખ અણખટ થાય એ સહેજ છે. સંસારનો નિયમ છે કે વિવાદો ન ઈચ્છતા હોઈએ તો પણ ઘણીવાર, ઘણી જગ્યાએ વિવાદો જાગે છે. આ વખતે સમજણથી બહોળી લાગણીથી કામ લેવું જરૂરી છે. સાથે રહેતા, સાથે વસતા વાસણો જેમ ખખડે ભલે પણ તે ભંગાર ન થઈ જવા જોઈએ.

સંસારમાં તેમજ રોજગાર, વ્યાપારમાં ભાગીદારો વચ્ચે, ગ્રાહકો વેપારી વચ્ચે ખટરાગ થાય, બોલાચાલી થાય, મન દુઃખ થાય કે ગેરસમજ થાય. પરંતુ એક જણ આગ બને ત્યારે બીજો પાણી બને એ જરૂરી છે. શાંત થઈ ક્ષમામાંગી લે તો વાત આગળ ન વધે તો અને વિવાદનું શમન થઈ જાય.

ભૂતકાળની વાતો સ્મરણમાં રાખ્યા વગર, અપશબ્દો બોલ્યાવિના, અણગમતી લાગણીઓ પર કાબુ રાખી હૃદયની ઉદારતા ધરાવી સામે વાળી વ્યક્તિના વિચારોનું પરિવર્તન થાય એ જરૂરી છે. તો જ વાદ-વિવાદનું શમન થાય. ડહોળેલું વાતાવરણ શાંત થાય. કોઈને તમાચો ચોડી દેવો સહેલો છે. પણ ઉદાર ભાવથી ક્ષમા માગવી અઘરી છે. વેરની સામે વેર કરવું એ તાકત બતાવવાની મગરૂરી થવાની પ્રક્રિયા છે. તો વેરની સામે ક્ષમા આપી દેવી એ જીગરની વાત, હિંમતની વાત છે.

વેરની સામે વેર કરવાથી તથા સમજણના અભાવથી એકબીજા વચ્ચે મનદુઃખ ઊભા થાય છે. ત્યારે મન મગજ ઠંડુ રાખવાથી વિવાદનું વાતનું વતેસરનું ઝટ શમન થાય છે. આ વેર દુશ્મનાવટની ભાવનાથી જ કોર્ટ કચેરીના ફેરા થાય છે. અને આપણી વાત ખરી છે, કાયદાના આધારમાં સત્ય છે. એ સાબિત કરતા વકીલો લાભ લે છે. બંન્ને પક્ષ શાંતિ અને સમજણ દાખવી સમાધાનને રસ્તે આગળ વધે તો શાંતિ સાથે સુખ અને સંતોષ સહજ મળી રહે છે.

માણસ માત્ર ભૂલને પાત્ર. ભૂલ કોઈનાથી પણ થાય પણ તેની કબૂલાત અને વેરઝેરના વમળમાં અટવાયા વગર તેનું સમાધાન ક્ષમા માંગવાથી થાય તો એને નાનપ ન સમજવું જોઈએ જોઈએ સમા વીરસ્ય ભૂષણમ ક્ષમા આપનાર મહાન છે. ચડિયાતો છે. એ ઈતિહાસ સિદ્ધ હકીકત છે.

– જય જ્ઞાતિમૈયા

# કોરોનાની ભયંકર અસર બાળકો પર પડી છે




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

બાળક એટલે થનગનાટ, નટખટપણું ચંચલ અને તરલ સ્વભાવ. ન જંપીને બેસે ન બીજાને જંપવા દે. શાંત બેસવું બહુધા બાળકોનો સ્વભાવ જ નથી. એકવીસમી સદીના બાળકો શિસ્ત અને સહનશીલતાનો અભાવ લઈ જન્મયા છે જાણે. રમકડાંથી રમે પણ ફરી નવા નવા રમકડાની માંગ કરે. તે માંગણી પુરી કરી એ તો બીજી કોઈ અન્ય માંગ રજૂ કરે. આધુનિક માતા પિતા પાસે વાર્તા કહેવાની કોઈ કલા નથી કે જે કહીને બાળકોને શાંતીથી બેસાડી શકે. કારણ કે મા-બાપ પોતે મોબાઈલને વોટસએપ પર આધારિત છે. તેની પાસે વાર્તાના ખજાના ક્યાંથી રહેવાના.

આજના અગાઉના બે વર્ષ કોરોનાના કપરાકાળના વીત્યાં એ ઘરના પુરૂષો માટે આર્થિક હાલત કામાડોળ કરનારા રહ્યાં તો સ્ત્રીવર્ગ માટે સૌ સભ્યો ઘરમાં હોતા ખાવા-પીવા બનાવવાની પળો જણ, બજેટને બેલેન્સ કરવામાં મનોશાંતિ ખોઈ છે એ ખરું પણ સૌથી વિકટ પરિસ્થિતિ નાના બાળકોની થઈ. સ્કૂલો બંધ, ખેલકૂદની પ્રવૃત્તિ બંધ, મિત્ર સાથે હળવું મળવું બંધ ઉપરથી માસ્કનું બંધન. આમાં નાનો જીવ અકળામણ અનુભવે એ હકીકત છે.

શાળામાં ભણાવાતું હોય એટલું ઘણું પણ ત્યાં બાળકોને સમકક્ષ મિત્રો મળે. વાતચીત થાય વિવિધ માહિતી ખબર મળે. મનોરંજન મળે મોકળાશથી વાતચીત થાય. જેથી તે સ્વસ્થ રહેવા માટે સમર્થ રહે છે. શું ભણાવાય છે તેની તેમને ખાસ પડી નથી હોતી તે તો ટ્યુશનમાં શીખવી લેવાશે. પણ, મિત્રો સાથે પસાર થતો સમય તેમના માટે મહત્વનો હોય છે આ સામાજિક હળવું મળવું તેમને સાહજિક અને સામાજિક બનાવે છે. કોરોનાનો દોઢ બે વર્ષનો લાંબો કાળ તેમના મનથી ખુશી છીનવી લીધી હતી.

અભ્યાસમાં અવઢવ, પરીક્ષા લેવાશે કે નહીં. ઓનલાઈન કે ઓફલાઈન આ બધી હા ને નાની પરિસ્થિતિને લીધે તેમનું મગજ બહેર મારી ગયું હતું. ઓનલાઈન અભ્યાસ પધ્ધતિની આદત ન હતી. એ દ્વારા મળતો શિક્ષણ પલ્લે પડે નહીં. આ મનોમન સ્થિતિ ન કહેવાય, ન સહેવાય એવી હતી. આમ બાળકો મનોમન ધૂંધવાયા, મૂંઝાયા અને ગૂંચવાયા.

માતા પિતા પોતાની પરેશાનીમાં ગૂંથાયેલા હતા. એટલે બાળકોને સધિયારો પુરો ન આપી શક્યા. હવે સ્કૂલો ખૂલી પણ કોર્સ ઓછા સમયમાં કઈ રીતે પુરો કરવો એ શિક્ષકો માટે સવાલ છે અને આખો કોર્સ કેવી રીતે ગ્રહણ કરવો એ વિદ્યાર્થીઓ માટે મોટો પ્રશ્ન છે.

પિંજરામાં પૂરાયેલા અને તેમાં આમતેમ ફરતા વાઘ જેવી હાલત તે સૌ એ ભોગવી છે. શિસ્ત અને સહનશીલતા કેળવીને આ કપરો સમય પસાર કર્યો છે. આ ધૈર્ય ખરેખર સલામીને લાયક છે. નાના પાંગરતા બચ્ચાઓને જે માનસિક નુકસાન થયું છે. જે ખોટ થઈ છે એને તેમના વાલીઓ, શિક્ષકો શાંત મને ભરે અને તેમને માનસિક સ્થિરતા બક્ષે એ જરૂરિયાત છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**'
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# લાલપુરમાં શ્રી ભલારાદાદા રીંગ રોડનું લોકાર્પણ કરાયું





લાલપુર ખાતે ભલારાદાદાનું સ્થાનક છેલ્લા ૭૦ વરસથી ખૂબજ આસ્થા અને ધર્મ ભાવનાનું ધામ બનાવ્યું છે. ભલારાદાદાની લાલપુર ગામ પર અમી દ્રષ્ટિ અને આ આસ્થાધામની લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને સરપંચ શ્રી સમીરભાઈ ભેસદડીયાએ ચાર વર્ષ પૂર્વે જે જૂનો બ્રીજ હતો તેની પરિસ્થિતિ જોતા અને જર્જરીત થઈ જતા નવા પુલનો પ્રસ્તાવ લાલપુર ગ્રામપંચાયત વતી ગુજરાત ગર્વમેન્ટમાં મુકેલ જેની યોગ્ય નોંધ ગર્વમેન્ટમેન્ટને લઈ. નવો પુલ બનાવવાનો નક્કી કરેલ. આ પુલ પોરબંદર હાઈવેથી ઢાંઢર નદી ક્રોસ કરી અને સ્થાનક પાસે પુરૂં થાય તેવી રીતે બાંધ્યું છે. આ બ્રીજ બનાવતા ચાર વર્ષ લાગ્યા છે. બ્રીજનો એકંદરે ખર્ચ રૂા.૩ કરોડ જેટલો થયેલ છે. બ્રીજ અતિ આધુનિક પધ્ધતિથી બનાવવામાં આવ્યું છે. બ્રીજ પરથી જામજોધપુર, ભાણવદ અને પોરબંદર જઈ શકાય છે. બ્રીજને કનેક્ટ નવો રીંગ રોડ રૂા.૯૦ લાખના ખર્ચે પણ તૈયાર કરવામાં આવ્યો છે અને આ રીંગ રોડના કામને યુધ્ધના ધોરણે પૂર્ણ કરી ચૈત્ર સુદ પૂનમ તા.૧૬ એપ્રિલના રોજ લોકાર્પણ કરાયેલ છે.



# લાલપુરમાં શ્રી ભલારાદાદા રીંગ રોડનું લોકાર્પણ કરાયું




સદર બ્રીજ શ્રી ભલારાદાદા રીંગ રોડ નામે ઓળખાશે. આ રીંગ રોડનું લોકાપર્ણ સાથે શ્રી ભલારાદાદા રીંગ રોડ નામકરણ બોર્ડનું અનાવરણ ભલારાદાદા ટ્રસ્ટના માજી ટ્રસ્ટી જયંતભાઈ ભવાનજી સોનીના સુપુત્ર ભાવિનભાઈ જયંત સોની અને તેમના મિત્ર જતીન અતુલભાઈ મહેતાના શુભહસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ રાજકીય અગ્રણીઓની ઉપસ્થિતી હતી. જેમાં લાલપુર પૂર્વ સરપંચ સમીર એન.ભેસદડીયા, તાલુકા પંચાયત અધ્યક્ષ કૌશિકભાઈ ખાંટ, ઉપસરપંચ મનોજભાઈ વાવાણી, પટેલ સમાજ પ્રમુખ ચીમનભાઈ ઘેટીયા, જૈન સમાજ અગ્રણી મહેન્દ્રભાઈ છત્રીશા, સુરેશભાઈ મહેતા, પ્રીતેશભાઈ મહેતા, ગામ અગ્રણી ઉમેશભાઈ મેસવાલીયા, વિનોદભાઈ શીરોરા, પોલાભાઈ ફળદુ અને ગ્રામ પંચાયત સદસ્ય દિપુભા જાડેજા સાથે શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુરના ટ્રસ્ટી જયંત વિશનજી છેડા, તરૂણ ધનજી ધરમશી તેમજ બહારગામથી પધારેલ ભાવિકો હરીલાલ ડાઘા, લહેરચંદ રતિલાલ લોડાયા, ભવાનજી હરશી લોડાયા, ભરત ગિરીશ નાગડા, ચંદ્રેશ વિરેન્દ્ર લોડાયા, જયેશ લોડાયા, ખુશાલ રતિલાલ લોડાયા, મિતેશ લાલકા, વિરચંદ લોડાયા, લહેરચંદ સોની, રાહુલ ધુલ્લા, ભરત લોડાયા ઉપસ્થિત રહ્યા હતા.






# શ્રી ભલારા દાદા સ્થાનક લાલપુરનો ધ્વજા મહોત્સવ રંગેચંગે ઉજવાયો








ચૈત્ર સુદ ૧૩,૧૪,૧૫ ગુરૂવાર તા.૧૪ એપ્રિલ થી તા.૧૬ એપ્રિલ શનિવાર સુધી શ્રી ભલારા દાદા સ્થાનક લાલપુરનો ત્રિદિવસીય ધ્વજા મહોત્સવ રંગેચંગે ઉજવાયો. જેમાં પ્રથમ દિવસે ભગવાન શ્રી મહાવીર સ્વામી જન્મકલ્યાણ દિવસે ભવ્યતાથી વરઘોડો ભલારા દાદા સ્થાનકથી લાલપુર જિનાલય સુધી વાજતે ગાજતે કાઢવામાં આવ્યો. સાંજે પાઠ તથા સમૂહ દિવડા મહાઆરતી ઉતારવામાં આવી.

દ્વિતીય દિવસ તા.૧૫ એપ્રિલ શુક્રવારના સવારના આરતી થઈ બપોરે શ્રી મહાકાલી માતાજીની ભાવના ભણાવવામાં આવી. સાંજે પાઠ તથા મહાઆરતી થઈ.

તૃતીય દિવસે તા.૧૬ એપ્રિલ શનિવારના સવારે ભાવપૂર્વક આરતી થઈ ત્યારબાદ ૯ કલાકે ધ્વજા મહોત્સવ પ્રારંભ થયો. જેમાં ટ્રસ્ટી જયંતભાઈ છેડા દ્વારા દિવંગત ત્રણે ટ્રસ્ટીઓ શ્રી જયંતભાઈ ભવાનજી સોની, શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા અને શ્રી છત્રપતિ નરશી દંડની સેવાને બિરદાવી અને આદરાંજલિ આપી. ત્યારબાદ રાબેતા મુજબ ધ્વજા મહોત્સવની ઉછામણીમાં લગભગ ૪૦૦ જેટલા ભાવિકોએ ભાગ લીધો હતો. જેમાં બહુ જ સારો પ્રતિસાદ મળ્યો. ઉછામણી દરમ્યાન લાલપુર ગામના ભૂતપૂર્વ સરપંચ સમીરભાઈ ભેસદડિયા સાથે તાલુકા પંચાયત અધ્યક્ષ કૌશિકભાઈ ખાંટ, ઉપસરપંચ મનોજ વાવાણી સહિત ગામના દરેક સમાજના અગ્રણીઓ પધાર્યા હતા. જેમાં સમીરભાઈ ભેસદડિયાએ ઉદ્‌બોધન કરતા જાહેર કર્યું કે આજનો ધ્વજા લહેરવાના લાભાર્થી પરિવારને ગામમાં બનેલ મોટા શ્રી ભલારાદાદા રીંગ રોડની તક્તીનું ઉદ્‌ઘાટન કરવાનો લાભ આપવામાં આવશે. જે લાભ શ્રી જયંત ભવાનજી સોની પરિવારના મોભી શ્રી ભાવિન સોનીએ લીધેલ અને એમના શુભ હસ્તે પધારેલ સમસ્ત ભાવિકો તેમજ મહેમાનોની ઉપસ્થિતિમાં શ્રી ભલારા દાદા રીંગ રોડની તક્તીનું અનાવરણ થયું અને શ્રી ભલારા દાદાની સૌએ જય બોલાવી.

ઉપરોક્ત મહોત્સવમાં મુંબઈ, નાસિક, અમદાવાદ તેમજ હાલારના ભાવિક ભાઈ-બહેનો તેમજ અગ્રણીઓ મોટી સંખ્યામાં પધાર્યા હતા. જેમાં મહોત્સવના ત્રણેય દિવસ ટ્રસ્ટીશ્રી તરૂણભાઈ ધરમશી તથા જયંતભાઈ છેડાએ ખડે પગે સેવા આપી હતી. મહોત્સવ દરમ્યાન ગાયક તથા સંગીતકાર તથા ઢોલી કલાકાર એ સારી રંગત જમાવી હતી.

# સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાના દરબારે નવપદની ઓળી આરાધનાઓ ભવ્યતાથી થઈ





સાંધવ નગરે શાંતિનાથદાદાની શીતલછાયામાં પ.પૂ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા.તથા પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.દિકરી મ.સા.પ.પૂ.સાધ્વીશ્રી હીરગુણાશ્રીજી મ.સા. આદિઠાણાની શુભ નિશ્રામાં ૧૨૫ જણાની ઉપસ્થિતિમાં નવપદની શાશ્વત આયંબિલની ઓળી ઉજવાઈ ૯ દિવસમાં ૧૧૩૩ આયંબિલ થયા. આયંબિલ ઓળીના દાતાશ્રી માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર મુલુંડ વાળાએ સંપૂર્ણ લાભ લીધેલ.

દેશ, દેશાવર, મુંબઈ, કચ્છથી જે આરાધકો પધારેલ તેમની ટ્રેનની રીટર્ન ટિકીટ તેમજ ભુજથી સાંધવ આવવા જવાની પંચતિથી કરીને બસની વ્યવસ્થા દાતા પરિવાર તરફથી કરવામાં આવેલ.

આરાધકો મુંબઈ, બીજાપુર, ધાવણગીરી, ગદગ, જલગામ, લોનાવાલા, સાંગલી, હૈદરાબાદ, વાપી, ભરૂચ, અમદાવાદ, જામનગર, રંગપુર, દલતુંગી, ગોરખડી, ગાંધીધામ, ભુજ, મુંદ્રા, માંડવી, ખારૂઆ, અબડાસામાંથી પધારેલ કાર્યકર ભાઈ-બહેનો સાંધવવાસીઓ, નિયાણી બહેનો, દાતા પરિવારના સગા સંબધીઓ, મિત્ર વર્ગ, મહોત્સવ દરમ્યાન ચારદિવસ સારી સંખ્યામાં પધારેલ

દરરોજ દૈનિક સવારના રાઈ પ્રતિક્રમણ,૫.૩૦ થી ૭.૦૦ પક્ષાલ પુજાની બોલી બોલવામાં આવતી જેનો ભાગ્યશાળી પરિવારોએ લાભ લીધેલ. ૭.૦૦ થી ૭.૩૦ શાંતિ સ્નાત્રપુજા, ૭.૩૦ થી ૮.૧૫ ઓળીની આરાધનાઓ, ૮.૧૫ પ.પૂ. ગુરૂદેવોને ઉપાશ્રયમાં વંદન કરવા, ૮.૩૦ કલાકે ભકતામર. તેમાં લાભ લેનાર દરેક ભાગ્યશાળી પરિવારો તરફથી ભકતામરમાં લકકી ડ્રો ૯.૩૦ થી ૧૦.૩૦ પુજયશ્રીના મુખેથી પ્રવચન ત્યારબાદ સિદ્ધચક્રની વિશિષ્ટ આરાધના, બપોરના ૩.૦૦ કલાકથી પ.પૂ.મ.સા.વિવિધ અનુષ્ઠાન કરાવતા. સાંજના ભવ્યાતિભવ્ય અંગરચના, દિવડાઓની રોશની, રાત્રિ પ્રતિક્રમણ બાદ પ્રભુજીની ભક્તિ ભાવના રઘુભા જાડેજા, પ્રવિણભાઈ સાવલા, કિરણભાઈ ગડા તેમજ આરાધક બહેનોએ ભણાવેલ ત્રણ દિવસ ભક્તિ ભાવના અને પૂજનમાં સંગીત માટે મનોજભાઈ કારાણી ડોંબીવલી પધારેલ, પૂજન વિધિ વિધાન માટે બે દિવસ કેવલભાઈ સાવલા પધારેલ,૯ દિવસ આરાધના પ્રવીણભાઈ સાવલા મુલુંડ વાળાએ કરાવેલ, ૯ દિવસ વિવિધ રંગોળીઓ કિરણભાઈ ગડા ડોંબીવલી વાળાએ કરેલ,દિવડાઓની રોશની માટે ભરતભાઈ દિવાવાળા સુરેન્દ્રનગરથી આવેલ. આંગી બનાવવા માટે હિનાબેન લાયજાવાળા આવેલ, એક દિવસ દેરાસરજીને ફુલોથી શણગારવા ફુલોની આંગી (મહાઆરતી) મેહુલભાઈ નાંગલપુરવાળા પધારેલ.

# સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાના દરબારે નવપદની ઓળી આરાધનાઓ ભવ્યતાથી થઈ




મહાવીર જન્મકલ્યાણક તા.૧૪-૪-૨૨ ના ભવ્યાતિભવ્ય રથયાત્રા નું આયોજન કરવામાં આવેલ ચર્તુવીધ સંઘની સાથે ૩૦૦ જણા સંખ્યાની સાથે હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયેલ રથયાત્રામાં બગીમાં પ્રભુજી સાથે બેન્ડપાર્ટી ભુજથી પધારેલ પ્રભુજીને પોંખવાનો લાભ દાતા પરિવારે લીધેલ બપોરના દેવ દેવી પૂજન રાખવામાં આવેલ તા.૧૫-૪-૨૨ ના સવારના દાતા પરિવાર તરફથી ભોમીયાજીનું પુજન રાખવામાં આવેલ બપોરના સિધ્ધચક્રજીની આરાધના ત્યારબાદ આરાધકોનું દાતા પરિવાર તરફથી બહુમાન નારિયેળના રૂા.૧૦/-, માળા, કવરમાં રૂા.૧,૧૦૦/- અનુમોદના કરવામાં આવેલ ભાગ્યશાળી પરિવારો તરફથી રૂા.૯૦૦/- નો કવર આપીને અનુમોદના કરવામાં આવેલ



દાતા પરિવાર તરફથી આયંબિલના પ્રથમ દિવસે ટ્રાવેલિંગ હેંડબેગ, ફેન્સી બટુવો, બોલપેન, ડાયરી, નેપકીન, ફળ, નૈવેદ્ય, ફેન્સી પર્સ, બેટરી, રૂા.૯/-, પુજાનો રૂમાલ, મોપતી, સુપરત કરવામાં આવેલ.

દાતા પરિવાર તરફથી સવે ટ્રસ્ટીગણ, કાર્યકર ભાઈ-બહેનો, પૂજારી ભાઈ, આરાધના કરાવનાર, રસોડા સ્ટાફ, દેરાસરજીના સ્ટાફ, આંગીવાળા, રંગોળી બનાવનાર, સંગીતકાર, નવ દિવસ સેવા આપનાર, સર્વ કાર્યકર ભાઈ-બહેનોની અનુમોદના કરવામાં આવેલ.

દર્શન પદની આરાધનાના દિવસે બોધીબીજની પ્રાપ્તિ હેતુ નવપદના નવ અભિષેક અંતર્ગત વિશિષ્ટ મંત્રોચ્ચારપૂર્વક પરમાત્માના મહા અભિષેક થયા. ઓળીના છઠ્ઠા દિવસે ગાયના ઘીનું અભિષેક કરવામાં આવેલ.

તા.૧૨-૪-૨૨ પાંચમા દિવસે દાતા પરિવાર તરફથી ધાર્મિક (ફનફેર) ધાર્મિક ગેમો જ્ઞાન સાથે ગમ્મતનું સુંદર આયોજન કરવામાં આવેલ. ગેમો રમનારને પોઈન્ટ પ્રમાણે ઈનામ આપવામાં આવેલ. ૨૫૦ થી વધારે વિવિધ આઈટમો રાખવામાં આવેલ સાંધવ નગરે જામ્યો ભક્તિ કેરો રંગ.

ચૈત્રી પુનમના દિવસે સિધ્ધાચલ તિર્થની ભાવ યાત્રા સંગીત ના સથવારે રાખવામાં આવેલ ૧૦૮ ખમાસણા આપવામાં આવેલ હીરા, મોતી, માણેક, ચાંદીના ફળ, ચાંદીના ફુલ,ચાંદીના અક્ષત સાથે દાતા પરિવાર તરફથી વધાવવામાં આવેલ.

તા.૧૭-૪-૨૨ ના સવારના વાજતે ગાજતે આરાધકો સાથે વરઘોડો ત્યારબાદ પારણા કરાવવામાં આવેલ.

# સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાના દરબારે નવપદની ઓળી આરાધનાઓ ભવ્યતાથી થઈ





સાંધવવાસીઓ, પ્રમુખશ્રી શામજીભાઈ દંડ,વીરચંદ ખોના પ્રવિણ મોતા, વિપુલ પટેલ, મણિલાલ ખોના, રાયચંદભાઈ દંડ, લક્ષ્મીચંદ દંડ, પ્રદીપ ખોના, મુકેશ દંડ, રાજેશ દંડ, લહેરચંદ ખોના, હિતેશ પટેલ, વિપુલ લોડાયા, સંદીપ લોડાયા, ઝવેરચંદ ખોના, ઉમેશ ખોના, હિતેશ દંડ, નિલેશ દંડ, દિનેશ લોડાયા,મહેશ દંડ,પ્રમેશ દંડ, તારાચંદ દંડ, તીલેશ દંડ, વિશાલ લોડાયા, પ્રફુલ્લ દંડ, નિખિલ પટેલ, સંદિપ દંડ, રાજેશ પટેલ, ખુશાલ પટેલ, સર્વે જણા હાજર રહ્યા હતા. દાતા પરિવાર સ્નેહીજનો મિત્રવર્ગ પ્રવીણભાઈ લોડાયા, જતીન નાગડા, નીરવ ઝવેરી,વિરેન્દ્ર લોડાયા, નીપેશ પટેલ, મીલન ધરમશી, ચેતન પીર, વિનોદભાઈ, વિપુલ માલદે,પરેશ માલદે, શરદ દંડ, કિરણ દંડ, જયેશ લાલકા,દિનેશ ખોના હૈદરાબાદ ગુલાબભાઈ મોતા,અમદાવાદ થી ચંદ્રેશ લોડાયા,દિનેશ મૈશૈરી, લોનાવાલા થી હેમંત મોતા,રોનક ધરમશી દિનેશ નાગડા સારી સંખ્યામાં હાજર રહયા હતા



ખડેપગે રહીને રાત દિવસ સેવા આપનાર પંકજ ડાઘા, નીતિન ધરમશી, મુકેશ દંડ,મણિલાલ ખોના, રાજેશ દંડ, વિપુલ લોડાયા,રઘુભા જાડેજા, શરદ દંડ,મીનાબેન ખોના,કલ્પનાબેન લોડાયા, રેખાબેન લોડાયા,રસીલાબેન ખોના, તનવી ડાઘા,નીતા ગાલા,વિમલાબેન મૈશેરી,ઉર્મીલા ખોના, જોસનાબેન દંડ,મુકતાબેન દંડ, મીનલ ખોના,પ્રેમીલાબેન ધરમશી,અસ્મિતા ડાઘા,જીલ દંડ, પલક લોડાયા,વિજયાબેન પટેલ,નયના ખોના,ચેતના મોતા,ભારતીબેન નાગડા,સર્વે જણે જહેમત ઉઠાવી ચાર ચાંદ લગાડેલ

આયંબિલ ની ઓળીના દાતા પરિવાર પણ જયેશભાઈ લોડાયા,ભાવેશ લોડાયા, યજ્ઞા લોડાયા, દિપાલી લોડાયા, વર્ષા લોડાયા સર્વે જણ સાથે રહીને જહેમત ઉઠાવેલ.

આયંબિલ ઓળીના દાતા પરિવાર માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવારની ખૂબ ખૂબ અનુમોદના

આયંબિલની ઓળી દરમ્યાન શાંતિનાથદાદાના દર્શનાર્થે અને પ.પૂ.મ.સા.ને વંદન કરવા અને આરાધકોને શાતા પૂછવા જે બહારગામથી પધારેલ નાગપુરથી મેઘજીભાઈ પોલડીયા, મુંબઈ થી કુમારભાઈ દંડ, નરેન્દ્રભાઈ દંડ, વડોદરા થી શાંતિલાલભાઈ લોડાયા, ચંદ્રકાંતભાઈ ખોના, થોભણ લોડાયા, નલીયાથી રાયચંદ ડાઘા, અંજાર થી નવીનભાઈ સોની, ગાંધીધામ થી મહેશભાઈ લાલકા, સુરત થી શરદભાઈ દંડ, પ્રવીણભાઈ લાપસીયા, ગામેગામ થી પધારનાર સર્વે મહેમાનોનું આયંબિલ ઓળીના દાતા પરિવાર અને શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સાંધવ અનુમોદના કરે છે.

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**



## માતુશ્રી રતનબાઇ જેઠાભાઇ છેડા

**હસ્તે, શ્રી પીનાકીન જેઠાભાઇ છેડા**

મુલુંડ- નલીયા

**સંજીવની સુવર્ણ પેટ્રન** **Rs. 51,000**

## એચડી ફાયર પ્રોટેક્ટને ઈન્ડિયાના ટોપ ૧૦૦ SME એવોર્ડ એનાયત થયો




એચડી ફાયર પ્રોટેક્ટને ઈન્ડિયાની ટોપ ૧૦૦ SME ૨૦૨૧ સ્મોલ મિડીયમ એન્ટરપ્રાઈઝનો એવોર્ડ નવી દિલ્હી ખાતે કેન્દ્રીય MSME ઉદ્યોગ પ્રધાન ભાનુ પ્રતાપસિંગ વર્માના હસ્તે પ્રદાન કરાયો. ૪૨૨૬૮ ઉધમો જે ફાઈનાન્સલ અને નોન ફાઈનાસિયલ માપદંડ પૂરા કર્યા હોય તેમાંથી ૧૦૦ ઉધમો ઉચ્ચ ક્રમમાં સ્થાન મેળવ્યું. જેમાંની એક એચડી ફાયર પ્રોટેક્ટ કંુ છે. આ સન્માન ગૌરવ મળવા બદલ અભિનંદન.

## શ્રી ગોવર્ધન નગર સંઘમાં પદ્મપ્રભ જિનાલયની ૨૮મી વર્ષગાંઠ નિમિત્તે ૨૯મી ધ્વજા મહોત્સવની ઉજવણી કરાઈ





મુલુંડ ઉપનગરમાં શ્રી ગોવર્ધન નગર અચલગચ્છ જૈન સંઘના શ્રી પદ્મપ્રભ જિનાલયની ૨૮ વર્ષગાંઠ નિમિત્તે ૨૯મો ધ્વજારોહણ મહોત્સવ પ.પૂ.ગણિવર્યશ્રી કમલપ્રભસાગરજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં ભાવપૂર્વક ધર્મઆરાધનો કરીને તા.૧૮ એપ્રિલ સોમવારના ભક્તિપૂર્વક ઉજવણી કરાઈ.

## જિનેશ્વર ધામ હૈદ્રાબાદમાં પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.ની પધરામણી





શ્રી અચલગચ્છ જૈન સંઘ જિનેશ્વર ધામ હૈદ્રાબાદમાં પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ની પધરામણી થયેલ. પૂજ્યશ્રી ખામગામથી ઉગ્ર વિહાર કરી તા.૨૧ એપ્રિલ ગુરૂવારના સવારના સિંકદરાબાદથી બરકતપુરા સર્કલ વિહાર કરતા જિનેશ્વરધામમાં પધારેલ. સાથે પ.પૂ.સાધ્વીશ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા.ની ઉપસ્થિતી હતી. પોપટ છેડા, રમણ નાગડા, કેશવજી છેડા, સુરેશ ગોસર, મનોજ નાગડા, દિનેશ ગોસર, વિજય જાગીરદાર, પોપટ ગડા, તલકશી ગડા, રિધ્ધિશ જાગીરદાર, નરેશ મોમાયા હાજર રહ્યાં હતાં.

પૂજ્યશ્રીનું ચાતુર્માસ શ્રી અચલગચ્છ જૈન સંઘ ચૈતન્ય પુરી હૈદ્રાબાદમાં નક્કી થયેલ છે.

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**

## માસ્ટર પાર્થ અમી દિપક મૈશેરી

**ના જન્મદિવસ ની ખુશાલી ના અવસરે**

## હસ્તે, શ્રીમતી રીટા મણીકાંત લોડાયા

કચ્છ - જખૌ, મુલુંડ - મુંબઇ

## સંજીવની સુવર્ણ પેટ્રન Rs. 50,000

# દેવલાલી સંઘના શ્રી શાંતિનાથ દાદાના જિનાલયના ૨૩મા ધ્વજા રોહણનું સસ્નેહ આમંત્રણ

શ્રી દેવલાલી જૈન શ્વેતાંબર તીર્થ ટ્રસ્ટના શ્રી શાંતિનાથ દાદાના જીનાલયના શ્રેયકારી શ્રી સંઘ મંગલકારી શ્રી મહાજન અને આનંદકારી આરાધનાથી ૨૩મી ધ્વજારોહણના સોહામણા અવસરે સાજન માજન ગામ પરગામના ભાગ્યશાળીઓને પધારવા શ્રી દેવલાલી જૈન શ્વેતાંબર તીર્થ ટ્રસ્ટ તરફથી સસ્નેહભર્યું હાર્દિક આમંત્રણ છે.

પ્રથમ દિવસે તા.૨૩ મે સોમવાર સવારે ૯ કલાકે શ્રી પંચકલ્યાણક પૂજા, દ્વિતીય દિવસ તા.૨૪ મે મંગળવારે સવારે ૮.૩૦ કલાકે, શ્રી અઢાર અભિષેક તેમજ બપોરે સાધર્મિક ભક્તિ આના ફોડથી કરવામાં આવશે. તૃતીય દિવસ વૈશાખ વદ ૧૦ તા.૨૫ મે બુધવારના સવાર ૮.૩૦ કલાકે સતર ભેદી પૂજા સાથે ધ્વજારોહણ વિધિ અને વાર્ષિક અષ્ટપ્રકારી પૂજાના ચડાવા લેવામાં આવશે. બપોરના સ્વામી વાત્સલ્ય પ્રીન્સ ભોજનાલયમાં રાખવામાં આવેલ છે. શ્રી પદમાવતી દેવીની દેરીની ધ્વજાનો ચઢાવો, શ્રી અઢાર અભિષેક દરમ્યાન લેવામાં આવશે. વિધિકાર દિનેશભાઈ ગોગરી ઘાટકોપર.

કાયમી ધ્વજાના લાભ લેનાર મહાનુભાવો શ્રી જિનાલય મુખ્ય ધ્વજા અ.સૌ.હેમલતાબેન ભવાનજી રાયશી ગોસર-દેવપુર, માતુશ્રી મણિબેન રાયશી રતનશી ગડા-ચીચાસર, શ્રી ઘંટાકર્ણ મહાવીરની દેરીની ધ્વજા શ્રીમતી હીરાવંતીબેન પ્રાણજીવન છેડા-કાંડાગરાવાલા.

અઢાર અભિષેકમાં પહેલો અને છેલ્લા અભિષેકનો નકરો રૂા.૨૦૦૧ રાખવામાં આવેલ છે. બાકીના ૨ થી ૧૭ અભિષેકનો નકરો રૂા.૧૦૦૧ વહેલો તે પહેલોના ધોરણે રાખવામાં આવેલ છે.

મહોત્સવ સ્થળ શ્રી દેવલાલી જૈન શ્વેતાંબર તીર્થ ટ્રસ્ટ દેવલાલી. ગૌતમસ્વામી કો.ઓ.હા.સો.લિમીટેડ, બાલગૃહ રોડ, ઓફ લામ રોડ, દેવલાલી કેમ્પ, સાવલા કોમ્પલેક્ષની ગલીમાં, દેવલાલી-૪૨૨૪૦૧, જિ.નાશિક. ઓફીસ : ૦૨૫૩૨૪૭૩૮૨૪, ૯૨૮૪૯૧૫૬૧૫, પ્રિન્સ ભોજનાલય-૦૨૫૩-૨૪૭૩૧૨૩

## શ્રી માટુંગા સંઘમાં નવપદના આરાધકોના તપની અનુમોદના અર્થે નવપદ પૂજન કરાયું

શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘમાં બિરાજમાન પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તેમજ પ.પૂ.સાધ્વીશ્રી જયગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં તા.૧૭ એપ્રિલ રવિવારના ચૈત્ર વદ એકમના દિને નવપદના આરાધકોની તપની અનુમોદના અર્થે નવપદ પૂજન કરાવવામાં આવ્યું.

## વિકમશી ફેબ્રિક્સ પ્રા.લિમીટેડને વિર્દભ રીજનની બેસ્ટ સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝનો એવોર્ડ મળ્યો



વિકમશી ફેબ્રિકસ પ્રા. લિમિટેડને વિર્દભ રિજનની વર્ષ ૨૦૨૧ની બેસ્ટ સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝના શોર્ટ લીસ્ટ કરી Best SSI તરીકેનો એવોર્ડ વિર્દભ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા નાગપુર ખાતે યોજાયેલા સમારોહમાં મહારાષ્ટ્ર રાજ્યના ઉદ્યોગમંત્રી સુભાષ દેસાઈના હસ્તે અપાયો. જ્ઞાતિના સાહસિક ઉદ્યોગપતિની કાં ને આ સન્માન પ્રાપ્ત કરવા માટે અભિનંદન.

## પ.પૂ.સાધ્વીશ્રી રમ્ય કિરણાશ્રીજીનું ચાતુર્માસ શ્રી અનંતનાથ દેરાસર મસ્જિદ બંદરે નિર્ધારીત થયું

પ.પૂ.સાધ્વીશ્રી રમ્ય કિરણાશ્રીજી મ.સા.નું ચાતુર્માસ માટે આજ્ઞા આશીષ શ્રી અનંતનાથ દેરાસર જૈન ટ્રસ્ટ ખારેક બજાર મસ્જિદ બંદર શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈમાં પ્રદાન થઈ છે.

# પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા. આદિ ઠાણા ૯ ને દેવલાલી સંઘમાં ચાતુર્માસની આજ્ઞા મળી

પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા. આદિ ઠાણા ૯ ને નાસિક નજીકના હિલ સ્ટેશન દેવલાલી સંઘમાં ચાતુર્માસમાં અચલગચ્છાધિપતિ દ્વારા આજ્ઞા આશીષ પ્રદાન કરાઈ છે. પૂજ્યશ્રીનો ચાતુર્માસ પ્રવેશ તા.૪ જુલાઈના રોજ થશે.

# પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની વાજતે ગાજતે ડીસામાં પધરામણી થઈ







અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ સૂરિમંત્ર પંચપ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની ઢોલ શરણાઈની સાથે ડીસામાં પધરામણી થઈ. અત્રેથી તેઓ ધાનેરા પધારશે.




# તિરૂપુરથી પ.પૂ.શ્રી પદમવિમલસાગરજી મ.સા.નો ઈરોડ તરફ વિહાર



ગુરૂજી પ.પૂ.શ્રી પદ્મવિમલસાગરજી મ.સા. તિરૂપુર નગરથી તા.૧૭ એપ્રિલ રવિવારના ઈરોડ તરફનો વિહાર પ્રારંભ કર્યો અને બુધવાર તા.૨૦ એપ્રિલના દિવસે સવારે ત્યાં પહોંચવાના ભાવ ધરાવતા હતા. વિહાર એવા ગ્રુપના સર્વે મેમ્બરોએ વિહાર વ્યવસ્થા કરી હતી. ખાસ કરીને પ્રતાપ હંસરાજ નાગડા અને રણજીત ગુલેચા ત્રણેય દિવસ ૪૩ કિ.મી. સુધી સંગાથ આપ્યો હતો.

શ્રી દંડપાણિ એક નોન જૈન ધર્મી હોવા છતાં સાધુ-સાધ્વીજી ભગવંતોની સાથે વિહારમાં જોડાય છે. આ વખતે પણ ત્રણેય દિવસ સુધી વિહાર યાત્રામાં જોડાઈ પૂજ્ય સાહેબોની સારી રીતે સેવા સંભાળ કરી હતી.

# ચાલીસગામ સંઘમાં કાયમી આયંબિલ આરાધનામાં દાતા પરિવાર જોડાઈ રહ્યાં છે

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ ચાલીસગામમાં ખાનદેશ રત્ના શ્રી ચાલીસગામ તીર્થોધ્ધારિકા પ.પૂ. સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પ્રેરણાથી શ્રી ચાલીસગામ સંઘમાં ભવ્ય રીતે કાયમી આયંબિલ આરાધના શરૂ છે. જેમાં દાતા પરિવારો જોડાઈને સહભાગી થઈ રહ્યાં છે. રૂા.૫૦૦૦નું અનુદાન આપી સ્વ. પ્રવીણચંદ્ર લાલજી ખીમજી લુઠીયા હસ્તે શા.સતિષ પ્રવીણચંદ્ર લુઠીયા નાની ખાવડી-બેંગલુરૂ જોડાયા છે.

સંપર્ક હેમંતકુમાર ગુલાબભાઈ નાગડા-૭૭૫૭૦૦૮૦૮૨


શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...



શેઠશ્રી ચાંપશી ધનજી દંડ (ખામગાવ વાલા)

હસ્તે, શ્રીમતી નીલમ લાલકા (USA)

સંજીવની રજત પેટ્રન Rs. 25,000

|| નમો નમઃ શ્રી ગુણસાગરસૂરયે || || વરસીતપના પ્રણેતા શ્રી આદિનાથાય નમઃ || || અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી-મહાકાલીદેવ્યે નમઃ ||

સંઘ પ્રેરક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

આયોજીત

## શ્રી જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ ના સહયોગે

# વરસીતપ તપસ્વીઓના અતરવાયણાનો સોનેરી પ્રસંગ

**દિવ્યકૃપા :** રાષ્ટ્રસંત, શાસનસમ્રાટ્, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી** મહારાજા
જિનશાસન શિરોમણી, તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મહારાજા
**આજ્ઞા આશિષ :** સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા.
**પાવન નિશ્રા :** પ્રશમરસનિધિ, આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી **મહોદયસાગરસૂરીશ્વરજી** મ.સા. આદિ ઠાણા

**શુભ દિવસ : ચૈત્ર વદ ૧૩, તા. ૨૭-૪-૨૦૨૨, બુધવાર, બપોરે ૨.૦૦ કલાકે**
**શુભ સ્થળ : શ્રી જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ, શ્રી મલ્લીનાથ જિનાલય, ગુફા રોડ, જોગેશ્વરી (ઈ)**

**વરસીતપના ૩૦૦ તપસ્વીઓની તપની અનુમોદનાર્થે શ્રી નરેન્દ્રભાઈ નંદુના સથવારે**

## સંગીતમય અનુષ્ઠાન...

**વરસીતપના સહુ તપસ્વીઓ આપ સુખશાતાપૂર્વક હશો, આપના ઉગ્ર તપની અનુમોદના...**
**સમુહ વરસીતપ પારણામાં જોડાવા બદલ અનુમોદના....**

**વરસીતપના ૩૦૦ તપસ્વીઓના સમુહ પારણાના વિશાળ આયોજનમાં યથાશક્તિ રકમ લખાવી તપસ્વીઓની અનુમોદનાનો અમુલ્ય લાભ લેશોજી.**

**અખાત્રીજ, તા ૩-૫-૨૨, મંગળવાર ના સમુહ પારણામાં ફોર્મ ભરનાર તપસ્વીઓ, દાતા પરિવારો, તથા આમંત્રિત મહેમાનોને પધારવા ભાવભર્યું આમંત્રણ...**

**અત્તરવાયણા - અનુષ્ઠાનના લાભાર્થી**
## શ્રી જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ
## હ. શ્રીમતી નીતાબેન પ્રફુલ્લ વીરા (મોટા લાયજા)
**આપના સુકૃતની અંતરથી અનુમોદના...**

કાર્યાલય : ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૨ ૯૩૦૪
વિનોદ ગંગર : ૯૩૨૧૧ ૬૨૦૧૩ ▪ પ્રવિણ લોડાયા : ૯૮૨૦૫ ૬૫૨૬૧ ▪ જિતેન્દ્ર વોરા : ૮૨૯૧૩ ૯૫૮૦૧

**લિ. શ્રી સમુહ વર્ષીતપ પારણા સમિતિ - કન્વીનર શ્રી હરખચંદ ખીમજી ગંગર**

# આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘના ઉપક્રમે શંખેશ્વર મહાતીર્થ ધન્ય ધરા પર ૫૦ દિવસની પર્યુષણ મહાપર્વની વિશિષ્ટ આરાધના

શ્રી શંખેશ્વર મહાતીર્થની ધન્ય ધરાપર નવનિર્મિત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય પરિસરે ચાતુર્માસ પર્વોત્સવના પાવન અવસરે શ્રી પાર્શ્વગુણ નિરંજન પરિવારના સથવારે શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘના ઉપક્રમે શ્રી પાર્શ્વ શંખેશ્વર શિરોમણિ સંઘપતિ, પારસમણિ સંઘપતિ ચંદ્રમણિ સંઘપતિ આદી ઉદારદિલ સૌજન્યશીલ, દિલેરદાતા, સંઘપતિઓના સહયોગ પર્યુષણ મહાપર્વની વિશિષ્ટ આરાધના યુક્ત ચાતુર્માસ ૫૦ દિવસ આરાધના કરવા પધારવાનું સહર્ષ આમંત્રણ છે.

ચાતુર્માસ શુભનિશ્રા પ્રદાન પ્રશાંત મૂર્તિ સાધ્વી મુખ્યા પ.પૂ.સાધ્વીશ્રી નિરંજનાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.આ.શ્રી નયગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨. ચાતુર્માસ સ્થળ : મઠુબાપા ભવન, શંખેશ્વર મહાતીર્થ.

**આરાધકો માટે સૂચના :**

- આરાધકોએ અષાઢ સુદ ૧૨ તા.૧૦ જુલાઈ રવિવારના શંખેશ્વર મુકામે પધારવું.
- ચાતુર્માસ આરાધના પૂર્ણાહુતિ પછી તા.૧ અથવા તા.૨ સપ્ટેમ્બરના ટિકીટ લેવી.
- સર્વે ક્રિયાઓ અને તિથિ અચલગચ્છ પરંપરા પ્રમાણે થશે. આરાધકોએ એકાસણા કરવાના રહેશે. ફોર્મ ભરીને મોકલવાનું સ્થળ. ● શ્રી આર્ય જય કલ્યાણ કેન્દ્ર, ૧૦૩ મેઘરત્ન, દેરાસર લેન, ઘાટકોપર (ઈસ્ટ).
- શ્રી જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ જોગેશ્વરી (ઈસ્ટ).
- શ્રી સુવિધિનાથ ડોંબિવલી અચલગચ્છ જૈન સંઘ અથવા વોટસઅપથી પ્રવેશ ફોર્મ મોકલવા માટે પરેશ ગાલા-૯૮૨૧૦૫૬૪૦૧, કાંતિ ગડા-૯૬૧૯૯૨૨૪૪૫, અશોક સાવલા-૯૩૨૧૨૪૯૮૨૫

---

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ દ્વારા સમૂહ વરસી તપ પારણાનું ભવ્ય આયોજન

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ દ્વારા વૈશાખ સુદ ત્રીજ અખાત્રીજ તા.૩ મે ૨૦૨૨ મંગળવારના સોમૈયા ગ્રાઉન્ડ ચુનાભટ્ટી સાયન (પૂર્વ) સ્થળે સમૂહ વરસીતપ પારણાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

તપસ્વીઓના અતરવાયણા તા.૨૭ એપ્રિલ બુધવારના બપોરે ૨ કલાકે તપની અનુમોદનાર્થે સંગીતમય અનુષ્ઠાન શ્રી જોગેશ્વરી અચલગચ્છ સંઘ હસ્તે શ્રીમતી નીતાબેન પ્રફુલ્લ વીરા મોટા લાયજાના સહયોગે રજત વરસીતપના આરાધક નરેન્દ્રભાઈ નંદુના સથવારે આયોજિત થશે. પારણા સંગે અગત્યનું માર્ગદર્શન તથા જરૂરી સામગ્રી, સંભારણા રૂપે આમંત્રણ પત્રિકાનું વિતરણ પણ કરાશે.

તપસ્વીઓએ અચૂક અને સમયસર પધારવા ભાવભર્યું નિમંત્રણ શ્રી સમૂહ વરસીતપ પારણા સમિતિ વતી હરખચંદ ખીમજી ગંગર દ્વારા અપાયું છે. શુભસ્થળ શ્રી જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ, શ્રી મલ્લિનાથ જિનાલય, ગુફા રોડ, જોગેશ્વરી (પૂર્વ). વિશેષ માહિતી માટે સંપર્ક : પ્રવીણ લોડાયા-૯૮૨૦૫૬૫૨૬૧, વિનોદ ગંગર-૯૮૨૧૧૬૨૦૧૩, જીતેન્દ્ર વોરા-૮૨૯૧૩૯૫૮૦૧.

---

# શ્રી કુંથુનાથ મહિલા મંડળની કમિટીમાં નવા પદાધિકારીઓ વરાયા

શ્રી છતીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન પ્રમુખ ચંદ્રેશભાઈ છેડા તથા શ્રી કુંથુનાથ મહિલા મંડળના સભ્યો સમક્ષ સર્વાનુમતે નીચે મુજબ પદાધિકારીઓની વરણી કરાઈ છે.

અધ્યક્ષા : કલ્પના રોનક શાહ-૯૯૯૩૭૩૧૫૦૦, ઉપાધ્યક્ષા : હેમલ મનિષ શાહ-૯૩૦૩૩૯૯૯૩૩, સચિવ : ડિમ્પલ જયેશ શાહ-૯૩૦૩૬૯૯૯૯૧, સહસચિવ : દીપા દીપક લાલકા-૮૮૧૭૭૨૬૬૭૮, કોષાધ્યક્ષ : નેહા અમિત જૈન-૯૩૨૯૭૮૪૮૭૮. આ ઉપરાંત સંરક્ષણ સમિતિમાં સભ્યો તરીકે વિજયાબેન ઉત્તમભાઈ શાહ, મંજુલાબેન કુલીનભાઈ જીવાણી-૯૩૦૦૭૧૧૭૧૧, પ્રભાબેન ગિરીશભાઈ શાહ-૯૧૬૫૭૭૭૪૭ તથા પ્રીતિબેન પ્રવીણભાઈ મૈશેરી-૭૫૬૬૨૦૯૩૯૪

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા શ્રી ધણીબાવા અને શ્રી ભલારા દાદાની સામૂહિક પહેડી આયોજન સંપન્ન





શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા શ્રી ધણીબાવા અને શ્રી ભલારા દાદાની સામૂહિક પહેડી અને સંગીતમય ભક્તિનું આયોજન ચૈત્ર સુદ-૯ (નવમી) રવિવારના તા.૧૦-૪-૨૦૨૨ના સવારે ૧૦ કલાકે શ્રી વિવિધલક્ષી હૉલમાં રાખવામાં આવેલ. સર્વ પ્રથમ છબીની સ્થાપના, સંગીતમય ભક્તિ, પહેડી ધરાવા તત્પશ્રાત આરતી બાદ પ્રસાદી (ભોજન)નો લાભ સર્વે જ્ઞાતિજનોએ સારી સંખ્યામાં લીધેલ.

શ્રી ધણાબાવાની પહેડી ધરાવાનો લાભ સૌ.મંજુલાબેન કુલીનકાંત જીવાણી પરિવાર અને આરતીનો લાભ સૌ.ભારતીબેન યોગેશભાઈ પદમશી દંડ, ભિલાઈ લીધેલ.

શ્રી ભલારા દાદાની પહેડી ધરાવાનો લાભ માતુશ્રી જમકુબેન રતિલાલ કેશવજી શાહ, પરિવાર અને આરતીનો લાભ સ્વ.સૌ.હંસાબેન હિરાચંદ કુંવરજી મૈશેરી પરિવાર એ લીધેલ.

કાર્યક્રમમાં જ્ઞાતિજનોએ સારી સંખ્યામાં હાજરી આપેલ. અંતમાં સર્વ એ પ્રસાદી (ભોજન)નો લાભ લીધેલ.





# રંગપુર નગરે ૩૩મા ધ્વજા મહોત્સવે પધારવાનું આમંત્રણ

અચલગચ્છાધિપતિના આજ્ઞાવર્તિની રંગપુર સંઘ વત્સલ ઉપકારી ગુરૂદેવ પ.પૂ.સાધ્વીશ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી કોટિગુણાશ્રીજી મ.સા.ની નિશ્રા શ્રી રંગપુર સંઘના ભાગ્યોદયે વિ.સં.૨૦૭૮ વૈશાખ સુદ ૧૦ અને ૧૧ મંગળવાર તા.૧૦ મે અને બુધવાર તા.૧૧ મેના અઢાર અભિષેક અને ૩૩મી ધ્વજા રોહણ મહોત્સવ પ્રસંગે આપશે.


પરમ પૂજ્ય સાધ્વીશ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા.     પરમ પૂજ્ય સાધ્વીશ્રી કોટીગુણાશ્રીજી મ.સા.

જોગાનુજોગ આ અમૂલ્ય લાભ પાંચ વર્ષ બાદ મળ્યો છે. રંગપુરવાસીઓ તથા નિયાણી બહેનાના પરિવારજનોને ભાવપૂર્વક પધારવા વિનંતી. વૈશાખ સુદ ૧૧નો મહાન અને શુકનવંત દિવસ છે. આ તિથિએ ભગવાન શ્રી મહાવીર સ્વામીએ ધર્મતીર્થની સ્થાપના કરી હતી. તેમજ આપણા લાડીલા પ.પૂ.આ.શ્રી કોટીગુણાશ્રીજી મ.સા.ની દીક્ષા તિથિ છે. ગુરૂ ભગવંતોની હાજરીમાં પ્રસંગની ઉજવણીમાં ચાર ચાંદ પૂરાય છે અને ઉલ્લાસ અનેરો થઈ જાય છે.

આશા છે કે રંગપુર સંઘના હાર્દિક આમંત્રણને માન આપી સૌ બહોળી સંખ્યામાં રંગપુર પધારશો અને ધર્મ લાભ પામશો એવી અભ્યર્થના શ્રી પંકજ કેશવજી ધરમશી દ્વારા વ્યક્ત કરાઈ છે.

પ્રથમ દિવસે તા.૧૦મે મંગળવારના બપોરના ૩ કલાકે અઢાર અભિષેક કરવામાં આવશે. ૧૮ અભિષેકના ચડાવા નીચે મુજબ ઉછામણીથી કરવામાં આવશે. • મૂળનાયક શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાનો અભિષેક • ગંભારામાં શ્રી વાસુપૂજ્ય સ્વામી ભગવાન • ગંભારામાં શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાન • ૧લે માળે મૂળનાયક શ્રી મહાવીર સ્વામી ભગવાન • ૧લે માળે શ્રી આદિનાથ ભગવાન • ૧લે માળે શ્રી અનંતનાથ ભગવાન • રંગમંડપમાં મહાકાળી માતાજી • રંગમંડપમાં ચક્રેશ્વરી માતાજી • રંગમંડપમાં પદ્માવતી માતાજી • રંગમંડપમાં પાર્શ્વ યજ્ઞ • રંગ મંડપમાં શ્રી શાંતિનાથ ભગવાન.

ધ્વજાના નીચે મુજબના ચડાવા સતર ભેદી પૂજા દરમ્યાન લેવામાં આવશે. ૧) રંગમંડપમની ધ્વજા ૨) પૂર્વ ચોકીયારાની ધ્વજા ૩) પશ્ચિમ ચોકીયારાની ધ્વજા ૪) ઉત્તર ચોકીયારાની ધ્વજા ૫) ગુરૂ મંદિરની ધ્વજા ૬) સૂર્ય દર્શન ૭) ચંદ્ર દર્શન ૮) આરતી ૧૦૮ દીવાની ૯) મંગળ દીવો વિગેરે.

તા.૧૦ મે મંગળવારના ૧૦ મે બપોરના ૩ કલાકે મહામંગલકારી અઢાર અભિષેક તથા રાત્રે ૮ કલાકે ભક્તિભાવના બુધવાર તા.૧૧મે ના સવારે ૮ કલાકે સતર ભેદી પૂજા ભણાવવામાં આવશે.

પૂજાનો લાભ ધ્વજાના લાભાર્થી પરિવારોને અને હાજર અન્ય દાતા પરિવારોને આપવામાં આવશે. બે દિવસની નવકારશી, બપોરનું જમણ, ચા પાણી અને સાંજના ચોવિહાર શ્રી સંઘ તરફથી રહેશે. આ પ્રસંગે વિધિવિધાન માટે જામનગરથી વિક્રમભાઈ મહેતા, કલ્પેશભાઈ અને સાથી કલાકારો પધારશે.

શ્રી સંઘના પુણ્યોદયે શ્રી સંઘવતી ૩૩મી ધ્વજા મહોત્સવ દરમ્યાન મુખ્ય શિખર ગંભારામાં મૂળનાયકની ધ્વજાનો તેમજ બંન્ને દિવસની સાધર્મિક ભક્તિનો મંગલકારી લાભ માતુશ્રી સોનબાઈ ભવાનજી ધરમશી લાપસીયા પરિવાર રંગપુર-મુલુંડ એ લાભ લીધો છે.

આવતા વર્ષની ધ્વજાનો નકરો રૂા.૧૧ હજાર તથા સાધર્મિક ભક્તિનો નકરો રૂા.૧૫ હજાર રાખવામાં આવેલ છે. જે ભાગ્યશાળીને ૩૪મી ધ્વજાનો લાભ લેવો હોય તો નામ નોંધાવા વિનંતી. ફાઈનલ આદેશ પર્યુષણ પર્વ બીજના દિવસે આપવામાં આવશે. એકથી વધારે નામો આવશે તો પર્યુષણના બીજાના દિવસે ચડાવો જાહેર કરવામાં આવશે.

રંગપુર ભોજનશાળામાં ફોટો યોજનામાં નામ લેવાના ચાલુ છે. ફોટો યોજનાનો નકરો રૂા.૧૦ હજાર છે. અત્યાર સુધી ૧૩૦ ફોટાઓ લાગી ગયા છે. હજી પણ જેમને આયોજનામાં લાભ લેવાનો હોય તેના નામ આવકાર્ય છે. ભોજનશાળામાં કાયમી નિભાવ ફંડમાં નામ આવકાર્ય છે. રૂા.૨૫ હજારથી ઉપર દાન આપનારની નામની તકતી લગાડવામાં આવશે.

૩૩મા ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે મોટી સંખ્યામાં પધારી શ્રી રંગપુર સંઘની આન, બાન અને શાનમાં વધારો કરવા શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટવતીથી અપાયું છે.

# શ્રી ભલારાદાદા સ્થાનકની નિભાવ ફંડ યોજનામાં જોડાવવા અપીલ

લાલપુર સ્થિત શ્રી ભલારાદાદા સ્થાનકે દર વર્ષે ચૈત્રી પૂનમના દિને ભવ્ય રીતે ધ્વજા મહોત્સવ અને વાર્ષિક પહેડી ઉત્સવ થાય છે. આ અગાઉના બે વર્ષ કોરોના કાળને કારણે યોજાઈ શકેલ નહીં અને ભાવિકોની અવરજવર પણ બંધ હતી જેને લીધે વિશાળ સંકુલ પણ વપરાશ ન થવાથી ક્ષતિગ્રસ્ત થયેલ.



**ચંદ્રેશ લોડાયા**



**જયેશ લોડાયા**

આ વર્ષે ધ્વજા મહોત્સવ પ્રસંગે પધારેલ ભાવિકોમાંથી શ્રી ચંદ્રેશ વીરેન્દ્ર લોડાયા તરફથી સૂચન થયેલ કે દિવસો દિવસ વધતા જતા ખર્ચને ધ્યાનમાં નિવાસી સંકુલની જાળવણી યોગ્ય રીતે કરી શકીએ એ માટે પ્રત્યેક ભાવિકોના સાથથી નિભાવ ફંડ ભંડોળ જમા કરવું જેથી ભવિષ્યમાં કોઈ વાંધો ન આવે. આમાં પ્રત્યેક જણ રૂા.૧૧ હજાર નોંધાવી ભાગ લે આવા ૫૦૦ જણની યાદી નોંધવી જોઈએ.

આ પ્રસ્તાવને શ્રી લહેરચંદ રતિલાલ લોડાયાએ અનુમોદના આપ્યું. દેવકૃપાએ આ સ્કીમમાં તાત્કાલિક ધોરણે ૨૫ નામ રૂા.૧૧ હજાર પ્રત્યેકના નોંધાયા.

યોગાનું યોગે આ જ વરસે ગુજરાત સરકાર દ્વારા લાલપુર પંચાયતના પ્રસ્તાવથી ઢાંઢર નદી પર બ્રિજ તૈયાર કરી રીંગ રોડનું કાર્ય પુરું કરાયું છે. આમ રાજ્ય સરકાર અને લોકલ સતા મંડળ લાલપુરના વિકાસ માટે પોઝિટીવ છે. હવે આપણે જાગૃત થઈ દાદાના સ્થાનકના વિકાસ અને સંરક્ષક યોજનામાં જોડાવવા.

ચાલો પહેલ કરી સાથ આપો અને સંરક્ષક યોજનામાં માત્ર રૂા.૧૧ હજારનું અનુદાન આપી નામ નોંધાવો.

**Name : Bhalaradada Trust**
**A/C No. : 56098002099**
**Bank : State Bank of India**
**Branch : Lalpur**
**IFSC Code : SBIN0060098**

**જાહેરાત સૌજન્ય – માતુશ્રી કસ્તુરીબેન ખીમજી લોડાયા**

# તેરા તીર્થ મધ્યે સંવત ૨૦૭૮ ચૈત્ર માસની શાશ્વતી નવપદજીની આયંબિલ ઓળીની થયેલ રંગેચંગે આરાધના





ચાલુ સાલે ચૈત્ર માસની આયંબીલની ઓળી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.દેવ શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની શુભાશિષથી પ.પૂ.સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. અને પ.પૂ.સા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં લાભાર્થી પરિવાર શ્રી આણંદ પરિવાર હસ્તે અ.સૌ.જ્યોતિબેન નરેન્દ્રભાઈ દંડ, તેરા-મુલુંડ મુંબઈ તરફથી કરાવવામાં આવેલ હતી.

દરરોજ સવારના રાઈ પ્રતિક્રમણ, જિનાલય દર્શન, ચૈત્યવંદન પ્રભુજીના પક્ષાલપૂજા, સામુહિક સ્નાત્રપૂજા, ગુરૂમૈયા દ્વારા ઋષીમંડલ સ્ત્રોત પાઠ, સિધ્ધચક્ર આરાધનાની ક્રિયા શ્રીપાલ મહારાજ અને મયણા સુંદરીનો રાસ અનેક વિધ જ્ઞાન ગોઠડી પ્રભુજીની ભવ્ય અંગરચના વચ્ચે પ્રભુભક્તિ રાત્રી ભાવના સહુના ધાર્મિક કાર્યક્રમો નવે નવ દિવસ રસપ્રદ સાથે ભરપૂર રહેલ હતા.

નવ દિવસ દરમ્યાન સળંગ નવ આયંબીલના તપસ્વીઓની સંખ્યા ૨૮ રહેવા પામેલ નવ દિવસ દરમ્યાન કુલ્લે ૨૭૫, આયંબીલ થવા પામેલ હતા.

વ્યાખ્યાન દરમ્યાન દરરોજ વ્યાખ્યાન પ્રભાવના તેમજ આયંબીલ તપની તપસ્યા કરનાર તપસ્વીઓને દરરોજ આયંબીલની પ્રભાવના સંઘના જુદા જુદા દાતાઓ તરફથી રાખવામાં આવેલ હતી.

આયંબીલ ઓળીની આરાધના કરવા તપસ્વીઓ અંજાર, અંજારજાળ, આદપુર, ગાંધીધામ, વડોદરા, અંકલેશ્વર, મુંબઈ, યવતમાલ વિગેરે સ્થળોથી પધારેલ હતા.

આયંબીલ ઓળીનો નવે નવ દિવસનો આયંબીલ સાર્ધમિક ભક્તનો લાભ તેમજ બપોરની સાર્ધમિક ભક્તિનો લાભ શ્રી આણંદ પરિવાર હ. જ્યોતિબેન નરેન્દ્રભાઈ દંડ પરિવાર, તેરા-મુલુંડ એ લીધેલ હતો.

ઓળી દરમ્યાન પાંજરાપોળના મૂંગા અબોલ પશુઓને ગોળ, ભુંસો તેમજ બે વખત મિષ્ઠાન ભોજન લાપસી જુદા જુદા દાતાઓ દ્વારા ખવડાવવામાં આવેલ હતી.




# તેરા તીર્થ મધ્યે સંવત ૨૦૭૮ ચૈત્ર માસની શાશ્વતી નવપદજીની આયંબિલ ઓળીની થયેલ રંગેચંગે આરાધના





તેરા તીર્થની ત્રણે સંસ્થા દેરાસર, મહાજન પાંજરાપોળના સ્ટાફગણને પણ શ્રી આણંદ પરિવાર હ. જ્યોતિબેન નરેન્દ્રભાઈ દંડ તરફથી સ્ટાફ બક્ષીસ પ્રભાવના પણ આપવામાં આવેલ હતી.

ચૈત્ર સુદ ૧૨ તા.૧૩-૪-૨૦૨૨ના લાભાર્થી પરિવાર દ્વારા શાશ્વતી આયંબીલની ઓળી નિમિત્તે શ્રી સિધ્ધચક્ર મહાપૂજન પણ ભણાવવામાં આવેલ હતું. શ્રી સિધ્ધચક્ર પૂજન શ્રી ચંદ્રકાંતભાઈ દેઢીયા-બિદડાવાલાએ પ.પૂ.સા.શ્રી હીતપ્રજ્ઞાશ્રીજી મ.સા. ઠાણા ૨ની શુભ નિશ્રામાં સકલ સંઘની બહોળી હાજરી વચ્ચે ખુબજ સુંદર રીતે ભણાવેલ હતું.

બીજે દિવસે એટલે કે ચૈત્ર સુદ ૧૩ તા.૧૪-૪-૨૨ના મહાવીર જયંતિ નિમિત્તે શ્રી મહાવીર સ્વામી ભગવાનની રથયાત્રા નીકળેલ હતી જે રથયાત્રા દેરાસરજીમાંથી નીકળી ગામના મુખ્ય માર્ગો ઉપરેથી પસાર થયેલ હતી.

જેમાં રથમાં બેસી ભગવાન પધરાવાનું લાભ શ્રી આણંદ પરિવાર હ.જયાબેન ધનવાળ દંડ, તેરા. ભગવાનના રથના સારથી બનવાનું આણંદ પરિવાર હ. જ્યોતિબેન નરેન્દ્રભાઈ દંડ, તેરા-મુલુંડ. રથયાત્રા દેરાસરજીમાં પરત આવ્યા બાદ ભગવાનને ખેંચવાનું આણંદ પરિવાર હ.દેરાણી-જેઠાણી પરિવારે લાભ લીધેલ હતો.

આયંબીલ નવની તપસ્યા કરનાર તપસ્વીઓનું સામુહિક દરેક તપસ્વીને બહુમાન એટલે કે સાંજી શ્રી સંઘવતીથી આપવામાં આવેલ હતી. જેમાં ટ્રાવેલ્સ બેગની ભેટ શ્રી આણંદ પરિવાર હ.જ્યોતિબેન નરેન્દ્રભાઈ દંડ, તેરા-મુલુંડ તરફથી તેમજ રોકડ પ્રભાવના પ્રવર સ્વરૂપે શ્રી સંઘવતીથી દરેક તપસ્વીઓને આપવામાં આવેલ હતી.

ચૈદ સુદ ૧૫ના સવારના સામુહિક સ્નાત્રપૂજા, પ.પૂ.મ.સા.ને વંદન, વ્યાખ્યાન, જીરાવલ્લાના અખંડ અભિષેક સાથે જાપ તેમજ ૧૦૮ ખમાસણા પ.પૂ.મ.સા.ની નિશ્રામા સકળ સંઘ સાથે રહીને ભાગ લીધેલ હતો. આયંબીલની પુર્ણાવતી નિમિત્તે બપોરની સાર્ધમિક વ્યક્તિ ફક્તને ફક્ત આયંબીલથી જ તપસ્વીઓ સહ સકળ સંઘે કરેલ હતી. આયંબીલની ઓળીની પુર્ણાવતી નિમિત્તે બપોરે નવપદની મોટી પૂજા પણ ભણાવવામાં આવેલ હતી. બહેનોએ પૌષધ પણ કર્યા હતા.

આ નવપદજી શાશ્વતી આયંબીલ ઓળીના લાભાર્થી પરિવાર શ્રી આણંદ પરિવાર હ. જ્યોતિબેન નરેન્દ્રભાઈ દંડના પરિવારજનોનું શ્રી સંઘવતી આરારોપણ શાલ ઓઢાડીને બહુમાન શ્રી સંઘવતી શ્રી ટ્રસ્ટી મહોદયોએ કરી હતી.

આ પ્રસંગે ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી પ્રવિણભાઈ દંડ, શ્રી નરેન્દ્રભાઈ દંડ, શ્રી શાંતીલાલભાઈ લોડાયા, શ્રી કુમારભાઈ દંડ, શ્રી નિરંજનભાઈ લોડાયા સતત હાજરી આપીને આ ઓળી આરાધનાના પ્રસંગને ચાર ચાંદ લગાવી દીધેલ હતા.

બન્ને જિનાલયનું કામ અંશતઃ પૂર્ણ થયેલ છે. તા.૧૭ એપ્રિલ ચૈત્રવદ ૧ સર્વ તપસ્વીઓ સવારના પક્ષાલ પૂજા કર્યા બાદ સમુહ સ્નાત્ર પૂજા ભણાવી અને ત્યારબાદ પૂ.શ્રી દ્વારા માંગલીક સાંભળી વરઘોડા રૂપે મહાજનવાડી તરફ પારણા માટે પ્રસ્થાન કરેલ હતું અને સર્વ તપસ્વીઓએ પૂ.શ્રીના માર્ગદર્શનથી પોરસી બેસણાનો લાભ લીધો હતો.





# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

80G સર્ટિફીકેટ

## C.S.R.

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

સ્વાભિમાન

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

Type of Account : Saving
ccount Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West) Mumbal - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# રાઈઝીંગ સ્ટાર પાઠશાળા દ્વારા નવ સંઘમાં કિડસ સમર કેમ્પનું આયોજન

રાઈઝીંગ સ્ટાર પાઠશાળા દ્વારા ઉંમર વર્ષ ૭ થી ઉપરની વયના બાળકો માટે કિડસ સમર કેમ્પનું વિવિધ ૯ સંઘોમાં આયોજન કરાયું છે. સમર કેમ્પમાં જૈનેઝમ નોલેજનું બેઝિક જ્ઞાન, સ્તુતી, સ્તવન, બેડા મેકીંગ, ગહુલી બનાવવાની તાલીમ, ચારિત્ર ઉપકરણ ફ્રેમ, ૨૭ ડંકા, પૂજા ધોતી પહેરવું, ચામર નૃત્ય વિવિધ ટ્યૂન ઉપર નવકાર મંત્ર સાથે હજુ વધુ ધર્મ જ્ઞાન શિક્ષણ અને સમજણ તથા તાલીમ અપાશે.

પરિવારના બાળક બાલિકાનું નામ આજે લખાવવા. નીચે દર્શાવેલ સંઘો સિવાય કોઈપણ સંઘોને સમર કેમ્પ કરવાની ભાવના હોય તેઓ પ.પૂ.સાધ્વીશ્રી ભાવગુણાશ્રીજી મ.સા.નો સંપર્ક કરવો. એ સૂચના શ્રી દાદર (પૂર્વ) કચ્છી જૈન સંઘ દ્વારા અપાઈ છે. વધુ વિગત માટે રાઈઝીંગ સ્ટાર પાઠશાળા કન્વીનર વિપુલા વીરા-૯૭૦૨૪૮૭૭૯૫ નો સંપર્ક કરવો.

● શ્રી અસલ્ફા અચલગચ્છ જૈન સંઘ ઘાટકોપર વેસ્ટ તા.૧૮ એપ્રિલથી તા.૨૨ એપ્રિલ સંપર્ક સોનલ છેડા-૯૭૦૨૬૮૦૨૭૫ ● શ્રી મીરા રોડ અચલગચ્છ જૈન સંઘ તા.૧૯ એપ્રિલથી તા.૨૩ એપ્રિલ સંપર્ક પૂનમ નાગડા-૮૧૬૯૯૦૨૧૫૭ ● શ્રી થાણા કવીઓ દેરાવાસી જૈન સંઘ તા.૨૫ એપ્રિલથી તા.૩૦ એપ્રિલ સંપર્ક કવિતા રાંભિયા-૯૮૨૦૫૭૧૬૬૭ ● શ્રી લોઅર પરેલ જૈન સંઘ તા.૨૫ એપ્રિલથી તા.૩૦ એપ્રિલ સંપર્ક વૈશાલી વીરા-૯૧૬૭૬૩૭૮૭૮ ● શ્રી અલીબાગ કચ્છી જૈન સંઘ તા.૨૫ એપ્રિલથી તા.૩૦ એપ્રિલ સંપર્ક બીના નાગડા-૯૬૮૯૪૭૨૩૮૭ ● શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી તા.૨૬ એપ્રિલથી તા.૧ મે ૨૦૨૨ સંપર્ક અલ્પા હરિયા-૯૮૧૯૦૪૦૮૭૦ ● શ્રી મજગામ બઝાર કવીઓ જૈન સંઘ તા.૨ મેથી તા.૬ મે ૨૦૨૨ સંપર્ક હિતેશ ગંગર-૯૦૨૨૨૪૬૫૬૨ ● શ્રી કવીઓ અચલગચ્છ જૈન સંઘ, શ્રી સંભવનાથ જૈન દેરાસર પેઢી જાંબલી ગલી બોરીવલી (વેસ્ટ) તા.૨૬ એપ્રિલથી તા.૩૦ એપ્રિલ સંપર્ક ઈશા સાવલા-૯૮૨૦૩૦૬૧૬૫ ● શ્રી દાદર કચ્છી જૈન સંઘ દાદર (પૂર્વ) તા.૧૬ મેથી તા.૨૦ મે ૨૦૨૨ સંપર્ક રિંકલ સાવલા-૮૩૬૯૦૨૨૯૯૫

# માટુંગા સંઘમાં પારણાનો પ્રસંગ અદ્‌ભૂત ભાવ સાથે સંપન્ન થયો

ધ્યાનયોગી પ.પૂ.ગણિવર્યશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના શિષ્ય યુવા પ્રવચનકાર પ.પૂ.મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના પારણાનો સુંદર લાભ સંઘમાતા માતુશ્રી ખેતબાઈ કેશવજી ગડા પરિવાર-વીરા હાઈટસ માટુંગાને મળતા ખૂબ સુંદર ભાવોલ્લાસપૂર્વક પ્રસંગ ઉજવ્યો. પૂજ્યશ્રીના વર્ધાપન સુંદર રંગોળી ગહુલીઓ તથા શુભ શુકનવંતી વસ્તુઓના દર્શન ઓવારણ થયા. પૂજ્યશ્રીએ પ્રાસંગિક હિત શિક્ષા ફરમાવી આરાધક પ્રભાવક અને શાસન રક્ષકનો શંખનાદ થયો. ચારિત્ર માર્ગની પ્રેરણા થઈ. ભાંડુપ, મુલુંડ, મસ્જિદબંદર, પરેલ આદિથી શ્રાવકો પધાર્યા સંઘ પૂજન તથા નવકારશીનો લાભ મળ્યો. ૧૨મા માળ સુધી ચડીને પૂજ્યશ્રીએ અનેકો ઘરે પગલાં કરી પાવન સૌને કર્યા. એક તપની પૂર્ણાહુતિ થઈ હવે યુવામુનિશ્રી એક નવી સાધનાની તૈયારી કરી રહ્યા છે. એના વિશેષ વાતો અવસરે થશે. પારણના લાભાર્થીની હૃદયથી અનુમોદના.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**મધુકાંત ધરમશી**
તા.૧૬ એપ્રિલ (ઉ.૭૭)
કોઠારા-ગાંધીધામ



**નલિની ખોના**
તા.૧૭ એપ્રિલ (ઉ.૮૨)
કોઈમ્બતુર-મુંબઈ



**હંશા શાહ**
તા.૧૮ એપ્રિલ (ઉ.૪૪)
છાદુરા-અંજાર



**ચંપકલાલ દંડ**
તા.૨૨ એપ્રિલ (ઉ.૬૪)
ધ્રાફા-ડોંબિવલી



**પ્રવિણ નાગડા**
તા.૨૨ એપ્રિલ (ઉ.૮૩)
નલિયા-પોંડેચરી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● રણોત્સવના માધ્યમથી દેશ વિદેશના પ્રવાસીઓ કચ્છ ભણી આકર્ષાયા છે. કોરોનાના કારણએ બે વર્ષથી પ્રવાસીઓની આંખમા ઓટ ચોક્કસ આવી છે પણ ઘટાડો અલ્પ સમયનો છે. તાજેતરમાં મળેલી પ્રવાસન સમિતિના બેઠકમાં નવા પ્રવાસન ધામને વિકસાવવાની દરખાસ્ત સરકારમાં કરવા તેમજ હાલમાં ચાલુ કાર્યોની સમીક્ષા કરવામાં આવી હતી. નવ વિકસિત થનારા પ્રવાસન ધામોમાં મહારૂદ્રાણી જાગીર, મોટા યક્ષ, સુમરી દાદી સ્થાનક, વીર અબડા જામ સ્થાનક, રામપર અબડા અને ગુડથરમાં આવેલા મતિયાદેવ સ્થાનકનો સમાવેશ છે. લોકમાંગણી કાળિયા ધ્રો ચોભાણુ છીપલા, ખડીર પિંગલેશ્વર મહાદેવને પણ પ્રવાસન ધામ તરીકે વિકસાવવા માટેની શક્યતાઓ ચકાસી દરખાસ્ત કરવામાં આવશે.

● ચાલુ વર્ષની રણજી ટ્રોફી સિઝન માટે સૌરાષ્ટ્રની ટીમમાં ૨૧ સભ્યોની સ્કવોડમાં મૂળ કચ્છ નાની ખાખરના ડાબોડી બોલર આદિત્યરાજ જાડેજાની પસંદગી થઈ છે. આ કચ્છી બોલર કેસીએ ભુજ અને કચ્છમિત્ર ટ્રોફીમાં રમી ચૂક્યો છે. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન એસ.સી.એ.ના પસંદગીકારોએ ટીમનું નેતૃત્વ ડાબોડી ઝડપી બોલર જયદેવ ઉનડકટને સોંપ્યું છે. આદિત્ય જાડેજા કૂચ બિહાર ટ્રોફી વિનુમાંકડ અંડર ૧૯ ટુર્નામેન્ટ, વિજય મર્ચન્ટ અંડર ૧૯ ટ્રોફીમાં રમી ચૂક્યો છે. સૌરાષ્ટ્રની ટીમ ગ્રુપ ડીમાં મુંબઈ, ગોવા અને ઓરિસ્સા સામે તેની તમામ મેચો અમદાવાદમાં રમાશે. આ ટીમમાં ચેતેશ્વર પૂજારાનો પણ સમાવેશ થયેલ છે.

● ભચાઉથી દૂધઈ થઈ ભુજ રોડ પર આવતા શિકરા ગામથી એક કિ.મી. દૂર સ્ટેટ હાઈવે પરના કાગેશ્વર મહાદેવ મંદિરના પૌરાણિક મંદિરમાં આચાર્ય કાગ ભૂસંડી ઋષિ દ્વારા શિવલીંગ સ્થાપવામાં આવ્યું હોવાની માન્યતા છે. કાશીના ઈતિહાસમાં પણ આ શિવલીંગનો ઉલ્લેખ છે. આ મંદિરમાં ભક્તોનો પ્રવાહ દિન પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે મુંબઈના વ્યવસાયી અને પ્રકૃતિ પ્રેમી નરશીભાઈ પટેલએ મંદિરના પટાંગણમાં ૧૬ લાખના ખર્ચે ભવ્યાતિ ભવ્ય ચબૂતરો બનાવવામાં આવ્યો છે. ત્રણ મજલાવાળો સાડા આઠ ફૂટની ત્રિજ્યાવાળો અને ૪૯ ફૂટની ઊંચાઈ ધરાવતો આ બેનમૂન ચબૂતરામાં ટેકનોલોજી વાપરી કબૂતરને પૂરતી સુવિધા મળે તે માટે ૫૬૮ મટકી મૂકવામાં આવ્યાં છે. અંદરના ભાગે લોખંડની ગોળાકાર સીડી બનાવી છે. જેથી દરેક માળે જવા માટે સુવિધા થાય રાત્રિના સમયે રંગીન એલઈડી લાઈટોથી આ ચબૂતરો દીપી ઉઠે છે.

● કચ્છી ઊંટ ભારતમાં નોંધાયેલ ૭મી માન્યતા પ્રાપ્ત ઊંટની નસલ છે. જેમાં અન્ય નસલ કરતાં દૂધ સારા પ્રમાણમાં હોય છે. પ્રતિ દિવસ ૧૨ લિટર દૂધ કચ્છી ઊંટડી આપે છે. ઊંટડીના દૂધ માટે કોમ્બતુરથી કચ્છ આવેલ મનિકંદનને કચ્છમાંથી કચ્છી નસલની ઊંટ ખરીદવા જણાવતા એમણે કચ્છી ઊંટ ઉછેરક માલધારી સંગઠન સાથે મળીને અહીંથી ઊંટ લઈ જવા તમામ નિયમો પ્રમાણે પરવાનગી મેળવી નખત્રાણા તાલુકાના દબાણ અને ગગોણમાંથી ૪ ઊંટડીની ખરીદી કરી. પ્રતિ ઊંટડીના ૪૨ હજાર અને માલધારી સંગઠનને સહકાર બદલ રૂા.૪૦૦૦ આપયા હતા. ઊંટડીઓ કોઈમ્બતુર લઈ ગયા. દેખરેખ સારી રીતે થઈ શકે એ માટે સ્થાનિક માલધારીઓ સાથે લઈ ગયા છે.

● કચ્છી સાહિત્યના મેઘાણી કહેવાતા કવિવર્ય દુલેરાય કારાણીના ૨૬મી ફેબ્રુઆરીના જન્મદિવસને કચ્છી ભાષા દિન તરીકે ઉજવાય છે. આ વર્ષ કચ્છ શક્તિ દ્વારા કચ્છી ભાષાના શિરમોર સર્જક કવિ જયંતિ જોશી શબાબને દુલેરાય કારાણી પારિતોષિક આપવાનું જાહેર કરાયું છે. પારિતોષિક સાથે રૂા.૫૧ હજારની રકમ એનાયત કરાશે.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)